Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue : 2 • Date : 01-06-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

### કચ્છનું પરિણામ સૌથી ઉંચુ રહ્યું, અહીં ૮૪.૫૯ ટકા પરિણામ આવ્યું છે

## ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૩.૨૭% : ૧૩% ઓછું રિઝલ્ટ



### આ વર્ષે ધોરણ ૧૨ સમાન્ય પ્રવાહનું ૭૩.૨૭% પરિણામ આવ્યું છે, જો કે, ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ૧૩ ટકા પરિણામ ઓછું આવ્યું છે

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે. ધોરણ ૧૨ના બોર્ડની પરીક્ષાનું પરિણામ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરી દેવામાં આવ્યું છે. સવારે આઠ વાગે આ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. **GSEB**ની વેબસાઈટ પર જઈને આ પરિણામ જોઈ શકાશે. ત્યારે આ વર્ષે ધોરણ ૧૨ સામન્ય પ્રવાહનું પરિણામ ૭૩.૨૭% આવ્યું છે. મહત્વનું છે કે, ગયા વર્ષની સરખામણીએ ૧૩ ટકા જેટલું રિઝલ્ટ ઓછું આવ્યું છે. તો આ વખતે છોકરાઓની સરખામણીએ છોકરીઓએ બાજી મારી છે. તો આ પરિણામ વોટ્સએપ નંબર પરથી જોઈ શકાશે. વિદ્યાર્થીઓ વોટ્સએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પર પોતાનો સીટ નંબર મોકલીને પણ પરિણામ મેળવી શકશે. મહત્વનું છે કે, કચ્છ જિલ્લામાં સૌથી ઉંચુ પરિણામ જોવા મળ્યું છે. કચ્છ જિલ્લામાં ૮૪.૫૯ ટકા પરિણામ આવ્યું છે. બુધવારે વહેલી સવારે આઠ વાગ્યે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયુ હતુ.

**GSEB**ની સત્તાવાર વેબસાઈટ પર આ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ વર્ષે ધોરણ ૧૨ સમાન્ય પ્રવાહનું ૭૩.૨૭% પરિણામ આવ્યું છે. જો કે, ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ૧૩ ટકા પરિણામ ઓછું આવ્યું છે. પરંતુ આ વર્ષે છોકરા કરતા છોકરીઓએ બાજી મારી છે. બીજી તરફ, વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ વોટ્સએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પર પણ જોઈ શકશે. આ નંબર પર વિદ્યાર્થીઓએ પોતાનો સીટ નંબર મોકલવાનો રહેશે અને પછી પરિણામ મેળવી શકશે. તો આ વર્ષે કચ્છ જિલ્લાનું પરિણામ સૌથી વધુ છે. કચ્છ જિલ્લાનું ૮૪.૫૯ ટકા પરિણામ આવ્યું છે. સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લા દાહોદ છે. દાહોદમાં ૫૪.૬૭ ટકા પરિણામ આવ્યું છે. વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સત્તાવાર વેબસાઈટ **www.gseb.org** પર જોઈ શકશે. એટલું જ નહીં પોતાનું પરિણામ પણ ડાઉનલોડ કરી શકશે. પોતાનું પરિણામ જાણવા માટે વિદ્યાર્થીઓએ પોતાનો રોલ નંબર અને જન્મ તારીખ સહિતની કેટલીક વિગતો વેબસાઈટ પર નાખવી પડશે અને પછી પરિણામ જોઈ શકશે. બીજી મહત્વની વાત એ છે કે, સૌથી વધુ પરિણામ વાગધ્રા કેન્દ્રનું રહ્યું છે. અહીં ૯૫.૮૫ ટકા પરિણામ આવ્યું છે. જયારે સૌથી ઓછુ પરિણામ ધરાવતું કેન્દ્ર દેવગઢબારીયાનું છે. અહીં ૩૬.૨૮ ટકા પરિણામ આવ્યું છે. તો ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૩૧૧ છે. સૌથી પહેલાં ગુજરાત બોર્ડની વેબસાઈટ **www.gseb.org** જવાનું રહેશે. ત્યારબાદ આર્ટ્સ અને કોમર્સ માટે **HSC**, ૧૨નું પરિણામ ૨૦૨૩ લિંક પર ક્લિક કરવાનું રહેશે. એ પછી લોગ ઈન થયા બાદ ઓળખપત્રો દાખલ કરવાના રહેશે. બાદમાં **GSEB HSC** ધોરણ ૧૨મું પરિણામ ૨૦૨૩ ડાઉનલોડ કરો અને સેવ કરો. આ સિવાય તમે આ વેબસાઈટ પરથી પરિણામની પ્રિન્ટઆઉટ પણ લઈ શકશો.

### દિલ્હીમાં ૪ જૂન સુધી વાતાવરણ ખુશનુમા રહેશે

## ઉ.ભારતમાં વરસાદનું એલર્ટ, દિલ્હીમાં ફરીથી આવશે હીટવેવ

નવી દિલ્હી

દેશની રાજધાની દિલ્હી સહિત ઉત્તર ભારતના ઘણા રાજયોમાં હવામાનમાં પલટો આવ્યો છે, જેના કારણે લોકોને કાળઝાળ ગરમીથી રાહત મળી છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હીમાં ૪ જૂન સુધી વાતાવરણ ખુશનુમા રહેશે, જયારે બિહાર, ઝારખંડ, પંજાબ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશમાં વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો જોવા મળશે. બુધવારે (૩૧ મે) વહેલી સવારે દિલ્હીના કેટલાક ભાગોમાં વરસાદ પડ્યો હતો. ભારતીય હવામાન વિભાગે સમગ્ર દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

**IMD**એ કહ્યું કે, આગામી થોડા કલાકોમાં ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના ભાગોમાં હળવાથી મધ્યમ તીવ્રતાના વરસાદની સંભાવના છે. **IMD** અનુસાર, આગામી કેટલાક કલાકોમાં બરૌત, બાગપત (યુપી), પિલાની, ભીવાડી, તિજારા અને ખૈરથલ (રાજસ્થાન)માં પણ હળવાથી મધ્યમ વરસાદ થશે. **IMD**એ કહ્યું કે જૂન મહિનામાં સમગ્ર ભારતમાં વરસાદ 'સામાન્ય કરતાં ઓછો' સ્તરે રહેશે.

મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, ઓડિશા જેવા રાજ્યો તેમજ ઉત્તર ભારતના મોટા ભાગોમાં સામાન્ય કરતાં વધુ વરસાદ થવાની સંભાવના છે જેના કારણે તાપમાનમાં ઘટાડો થશે.

ઉત્તરાખંડના મોટાભાગના વિસ્તારોમાં મંગળવારે ભારે પવન સાથે વરસાદ અને કરા પડ્યા હતા. આજના હવામાનની વાત કરીએ તો **IMD** મુજબ આજે રાજયમાં મહત્તમ તાપમાન ૧૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી સુધી નોંધાય શકે છે. આ સાથે આજે અનેક વિસ્તારોમાં વાદળો ગર્જના સાથે વરસાદ જોવા મળશે. આ સિવાય હિમાચલમાં પણ હવામાન આવું જ છે. રાજ્યમાં ૫ જૂન સુધી વાતાવરણ ખુશનુમા રહેશે. મોટાભાગના વિસ્તારોમાં વરસાદ સાથે લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી સુધી નોંધાય શકે છે. જયારે મહત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સુધી જશે. વિધિવત ચોમાસું શરૂ થવાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યાં છે.

આવી સ્થિતિમાં હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બનન્સના કારણે રાજયમાં પ્રિમોનસૂન એક્ટીવિટી શરૂ થઈ ગઈ છે. હાલ ગુજરાતમાં ભારે પવન સાથે વરસાદ પડવાના ૨ કારણો છે. હાલ એક સાયક્લોનિક સર્ક્યુલેશન એક્ટિવ છે તો બીજી તરફ વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સ આ બંને સિસ્ટમના કારણે ગુજરાતમાં હાલ ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો છે.

ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, પૂર્વ ગુજરાત,કચ્છ, સૌરાષ્ટ્રમાં વરસાદ પડવાની શક્યતા છે, પાટણ મહેસાણા, સાબરકાંઠા, બનાસકાઠા, અમરેલી, સુરેન્દ્રનગર, મોરબી, રાજરકોટ, બોટાદ,દાહોદ, પંચમહાલ, અમદાવાદ, ગાંધીનગર, આણંદ,ભરૂચ,આ તમામ વિસ્તારમાં ૧ જૂન સુધી વરસાદની શક્યતા જોવા મળી રહી છે.

## હવે ઓટીટી પ્લેટફોર્મ પર પણ તમાકુ વિરોધી ચેતવણી બતાવવી પડશે

નવી દિલ્હી

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ઓટીટીપ્લેટફોર્મ પર તમાકુ વિરોધી ચેતવણીઓ માટે નવા નિયમોની નોટિફિકેશન જાહેર કરી છે. આ નોટિફિકેશનમાં ઓટીટીપ્લેટફોર્મ માટે કન્ટેન્ટમાં તમાકુ વિરોધી ચેતવણી સંદેશા દર્શાવવાનું ફરજિયાત બનાવાયું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જો ઓનલાઈન કન્ટેન્ટ પબ્લિશર નવા નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અને માહિતી અને પ્રસારણ મંત્રાલય કડક કાર્યવાહી કરશે. વર્લ્ડ નો ટોબેકો ડે પર સ્વાસ્થ્ય મંત્રાલયે આ સૂચના જારી કરી છે. ત્યારબાદ નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઈમ, હોટસ્ટાર અને સોની લિવ જેવા તમામ ઓટીટીપ્લેટફોર્મ માટે કન્ટેન્ટ સાથે તમાકુ વિરોધી ચેતવણીઓ દર્શાવવી ફરજિયાત રહેશે. સિનેમા હોલ અને ટેલિવિઝન ચેનલોમાં ફિલ્મ અને ટેલિવિઝન કાર્યક્રમની શરૂઆતમાં અને મધ્યમાં ઓછામાં ઓછી ત્રીસ સેકન્ડની તમાકુ વિરોધી સ્વાસ્થ્ય ચેતવણી પ્રદર્શિત કરવી પહેલેથી જ ફરજિયાત છે.

નવા નિયમ મુજબ, તમાકુ ઉત્પાદનો અથવા તેનો ઉપયોગ દર્શાવતા ઓનલાઈન કન્ટેન્ટના પ્રકાશક પાસે તમાકુ વિરોધી સ્વાસ્થ્ય જાગૃતિ માટે કાર્યક્રમની શરૂઆતમાં અને મધ્યમાં ઓછામાં ઓછી ત્રીસ સેકન્ડની જગ્યા હોવી જોઈએ.

## તંત્રી લેખ

# શાંતિની કોશિશ

*આંતરિક જટિલતાઓમાં ફસાયેલા મણિપુરમાં શાંતિ માટે કરવામાં આવી રહેલા પ્રયાસ જેટલા જરૂરી છે, એટલા જ પ્રશંસનીય પણ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મણિપુરના પ્રવાસે છે અને તેમના ક્રિયાકલાપથી કેન્દ્ર અને રાજ્ય સરકારની ગંભીરતાનો સહજ અહેસાસ થઈ જાય છે. શાંતિ બહાલ કરવા માટે અનેક ફેંસલા લેવામાં આવ્યા છે અને આવનાર દિવસોમાં પણ સરકારોએ દરેક શક્ય નિર્ણય માટે તૈયાર રહેવું જોઈએ. મણિપુરમાં વહેલી તકે શાંતિ બહાલ થાય અને સ્થાનિક સમાજોમાં સ્વાભાવિક સમન્વય ફરીથી પેદા થાય, તેનાથી બહેતર બીજું શું હોય? પરસ્પર સહમતિથી જે નિર્ણયો લેવાયા છે તે તાત્કાલિક લાગુ કરવા જોઈએ, જેથી જમીની સ્તર પર લોકોમાં સંતોષ અને સુરક્ષાના ભાવની વાપસી થાય. મણિપુરમાં ૩ મેથી જ કરફ્યૂની સ્થિતિ છે અને ઈન્ટરનેટ સેવા પણ બંધ છે, તેનાથી લોકોને પરેશાની થઈ રહી હશે. ઉલ્લેખનીય છે કે શાંતિ બહાલ કરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી દસથી વધુ પ્રતિનિધિમંડળને મળી ચૂક્યા છે. મૈતી અને કૂકી, બંને સમુદાયોના પ્રતિનિધિમંડળ મળીને પોતાની વાત રજૂ કરી ચૂક્યા છે. હિંસા શરૂ કરનારા અને ફેલવનારા તત્ત્વોની ઓળખ બહુ જરૂરી છે.*

*મણિપુરમાં કાયદો-વ્યવસ્થા ચુસ્ત કરવી, રાહત અને બચાવ કાર્યોમાં ઝડપ લાવવી, જાતીય સંઘર્ષમાં માર્યા ગયેલા લોકોના આશ્રિતોને વળતર આપવું અને પરિવારના એક સદસ્યને નોકરી આપવાનો નિર્ણય કારગત નીવડી શકે છે. પીડિતો સાથે સરકારોએ ઊભા રહેવું જોઈએ અને અસામાજિક તત્ત્વોને પાઠ ભણાવવામાં કોઈ કસર ન છૂટવી જોઈએ. રાજ્યના કેટલાય વિસ્તારોમાં હિંસક તત્ત્વોએ કાયદો-વ્યવસ્થાના ધજાગરા ઉડાડ્યા છે. મણિપુરની છબિને પણ ઝટકો લાગ્યો છે, તેથી સુરક્ષા એજન્સીઓએ પોતાના સ્તર પર પૂરતી સતર્કતા રાખતાં હિંસક તત્ત્વો પર લગામ કસવી જોઈએ. નિર્દોષ અને વિસ્થાપિત લોકોને વહેલી તકે તેમના ઘરે પાછા ફરવા માટે પ્રેરિત કરવામાં આવે અને સુરક્ષાનો બહેતર માહોલ આપવામાં આવે. કેન્દ્રીય ગૃહમંત્રીએ યોગ્ય રીતે જ અધિકારીઓને રાજ્યમાં શાંતિ ભંગ કરનારી ગતિવિધિઓ સાથે કડકાઈથી કામ લેવાના નિર્દેશ આપ્યા છે. બીજી તરફ વિભિન્ન સમૂહોને કમ સે કમ ૧૫ દિવસ શાંતિ રાખવાની અપીલ કરવામાં આવી છે. આ મણિપુર અને પૂર્વોત્તરની રાજનીતિ માટે પણ પરીક્ષાની ઘડી છે. તમામ રાજકીય પક્ષોએ શાંતિ પ્રયાસોમાં જોડાઈ જવું જોઈએ. આદિવાસી નેતાઓ, બુદ્ધિજીવીઓ અને પ્રમુખ આદિવાસી નાગરિકો સાથે પણ કેન્દ્રીય ગૃહમંત્રીની ચર્ચાનું સાર્થક પરિણામ નીકળવું જોઈએ. નવા સમય અને આધુનિક થતા સમાજના પ્રકાશમાં સ્થાનિક લોકોને સકારાત્મક યોગદાન આપવા માટે સહર્ષ આગળ આવવું જોઈએ. એ સારી વાત છે કે આટલી હિંસા છતાં સ્થાનિક સ્તરે સુરક્ષા દળોએ સંયમનો પરિચય આપ્યો છે. હિંસાને સંગઠિત હિંસાને બદલે જાતીય હિંસા માનવામાં આવે છે. જોકે મોકાનો ગેરફાયદો ઉઠાવતાં અલગ રાજ્યની જે માંગ ઊઠી છે, એના પર હાલમાં વિચાર કરવાથી બચવું જોઈએ.*

### દૂધ પીવું એ સ્વાસ્થ્ય માટે ખૂબ જ હેલ્ધી માનવામાં આવે છે

# વધારે દૂધ પીવાથી નુકસાન પણ થઈ શકે છે : રિપોર્ટ

### ઘણાં લોકોને લેક્ટોઝ ઈન્ટોરલેન્સ હોવાને કારણે દૂધથી એલર્જી હોય છે, તે જલ્દી દૂધ પચાવી નથી શકતાં



નવી દિલ્હી

દૂધ પીવું એ સ્વાસ્થ્ય માટે ખૂબ જ હેલ્ધી માનવામાં આવે છે. દૂધ બાળકોની સાથોસાથ યુવાન અને વૃદ્ધો માટે પણ ખૂબ જ ફાયદાકારક હોય છે. પ્રતિદિન એક ગ્લાસ દૂધ પીવાથી શરીરમાં કેલ્શિયમ, વિટામીન ડીની ઉણપ થતી નથી. તેનાથી હાડકાં અને દાંત પણ મજબૂત રહે છે. દૂધમાં રહેલા કેલ્શિયમ, વિટામિન ડી સિવાય પણ ઘણાં પોષક તત્વ હાજર હોય છે. જેમકે, એનર્જી, ફેટ, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, ફોસ્ફરસ, પોટેશિયમ, સોડિયમ, મેગ્નેશિયમસ, વિટામિન્સ, ઝિંક વગેરે. તે શરીરમાં કોઈને કોઈ પ્રકારે ફાયદો પહોંચાડે છે. જોકે, ઘણાં લોકોને લેક્ટોઝ ઈન્ટોરલેન્સ હોવાને કારણે દૂધથી એલર્જી હોય છે. તે જલ્દી દૂધ પચાવી નથી શકતાં. વળી, અમુક લોકોને દૂધ પીવાનું પસંદ હોય છે. તેઓ એક દિવસમાં ત્રણ-ચાર ગ્લાસ દૂધ પીવે છે. શું તમે જાણો છો કે, વધારે દૂધ પીવાનું પણ સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય શકે છે. ચાલો જાણીએ કે, વધારે પડતું દૂધ પીવાથી સ્વાસ્થ્યને કયાં પ્રકારનાં નુકસાન થઈ શકે છે. નાનપણથી જ બાળકોને દૂધ પીવડાવવાની સલાહ એક્સપર્ટ દ્વારા આપવામાં આવે છે. કારણકે, દૂધ પીવાથી હાડકાં મજબૂત થાય છે. શરીરમાં કેલ્શિયમ, વિટામિન ડીની ઉણપ રહેતી નથી. બેશક, દૂધ સ્વાસ્થ્ય માટે આવશ્યક પીણું છે અને તેનાથી ઘણાં ફાયદા થાય છે. પરંતુ, તેનું એક દિવસમાં વધારે પડતું સેવન કરવાથી અમુક નુકસાન પણ થાય છે. હેલ્થશૉટ્સમાં છપાયેલા એક ખબર અનુસાર, મહિલાઓ એક દિવસમાં ત્રણ અથવા વધારે ગ્લાસ દૂધનું સેવન કરે છે તો તેને કાર્ડિયોવેસ્કુલર ડિઝીઝ હોવાનું રિસ્ક વધી શકે છે. એટલું જ નહીં, તેનાથી ૪૪ ટકા સુધી કેન્સરનું રિસ્ક પણ વધી શકે છે.

અમેરિકન નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ અનુસાર, લગભગ ૬૫ ટકા પુખ્ત વયના લોકોમાં લેક્ટોઝ ઈંટોલરેન્સની સમસ્યા હોય છે. તેનું મુખ્ય લક્ષણ ઉબકા આવવું છે અને વધારે ગંભીર મામલે ઉલ્ટી પણ થઈ શકે છે. ખાસ કરીને ત્યારે, જ્યારે તમે દૂધ પીવો છો અથવા પછી ડેરી પ્રોડક્ટ્સનું સેવન કરે છે. તેમાં દૂધ, આઈસ્ક્રીમ, ચીઝ વગેરે ફૂડ્સ સામેલ કરી શકે છે. તેમાં લેક્ટોઝ હોય છે. વધુ દૂધ પીવાથી પેટનું ફૂલવું અને પાચન સંબંધી સમસ્યાઓ પણ થઈ શકે છે. જ્યારે તમે વધુ દૂધ પીઓ છો ત્યારે પેટનું ફૂલવું, ખેંચાણ, ઝાડા વગેરે થઈ શકે છે. જો તમને લેક્ટોઝ ઈંટોલરેન્સ હોય તો શરીર લેક્ટોઝને યોગ્ય રીતે તોડી શકતું નથી. આ ડાઈજેસ્ટિવ સિસ્ટમમાં ઘૂમતા રહે છે, જે પેટમાં હાજર બેક્ટેરિયા દ્વારા તૂટે છે. આ કારણે ગેસ અને પાચન સંબંધિત અન્ય પણ સમસ્યા થઈ શકે છે. કેટલાક લોકોમાં વધુ દૂધ પીવાથી ખીલ અને પિમ્પલ્સની સમસ્યા વધી શકે છે. ખાસ કરીને, મલાઈ જેવું દૂધ ખીલને વધારી શકે છે. આજકાલ ઉપલબ્ધ દૂધમાં દૂધ-ઉત્પાદનનું નિયમન કરતા હોર્મોન્સ હોય છે, જે ઈન્સ્યુલિનના નિયમનમાં ખલેલને કારણે ખીલ અને પિમ્પલ્સનું કારણ બને છે. સ્કિમ્ડ દૂધ ખીલને વધારી શકે છે.

આવી સ્થિતિમાં, સંપૂર્ણ ચરબીવાળી ગાયનું દૂધ પીવો, જેમાં સામાન્ય રીતે કોઈ હોર્મોન્સનું ઈન્જેક્શન થતું નથી. જો તમને લેક્ટોઝ ઈંટોલરેન્સ છે તો તમે દૂધ અથવા તેનાથી બનેલી ચીજ વસ્તુઓનું સેવન કરશો તો સ્કીન એલર્જી, આંખોમાં પાણી આવવું, ત્વચામાં ખંજવાળ, પેટમાં ખેંચાણ જેવી સમસ્યા થઈ શકે છે. જો તમને દૂધની કોઈપણ પ્રકારની સમસ્યા હોય તો તમે તેના વિકલ્પમાં ચીઝ, છાશ વગેરેનો ઉપયોગ કરી શકો છો.

### મનદીપ બિકીની કેટેગરીમાં પણ ભાગ લે છે

# ડૉક્ટર બની બોડી બિલ્ડર, માત્ર બિકિનીનો ખર્ચો ૭૦ હજાર

ચંદીગઢ

કહેવાય છે કે જ્યારે કોઈ કામ કરવાનો શોખ હોય કે પેશન હોય, ત્યારે માણસ અનેક મુશ્કેલીઓમાંથી પણ પસાર થઈ શકે છે. આવી જ કહાની છે ચંદીગઢની યુવા ડોક્ટર મનદીપ કૌરની. તેણી વ્યવસાયે ડેન્ટીસ્ટ છે. પરંતુ બોડી બિલ્ડીંગ તેમનો શોખ છે. મનદીપ બિકીની કેટેગરીમાં પણ ભાગ લે છે.

૨૦૧૯થી બોડી બિલ્ડીંગ શરૂ કરનાર મનદીપે તાજેતરમાં પંચકુલામાં યોજાયેલા નેશનલ શોમાં ચોથું સ્થાન મેળવ્યું હતું. રાષ્ટ્રીય સ્તરની ઘણી ટુર્નામેન્ટમાં ભાગ લઈ ચૂકેલા મનદીપ માટે બોડી બિલ્ડિંગની લાઈનમાં પ્રવેશવું સરળ નહોતું. કારણ કે સ્ટેજ પર જવું અને બિકીની પહેરીને પરફોર્મ કરવાથી તે થોડી અસહજ હતી, પરંતુ પરિવારના સપોર્ટે તેનું સપનું વધારે સરળ બનાવી દીધું. મનદીપનું વજન બીડીએસના અભ્યાસ દરમિયાન વધી ગયું હતું. પછી એક સામાન્ય છોકરીની જેમ તે જીમમાં જોડાઈ હતી. જીમ કરતી વખતે જ મનદીપને મહિલા બોડી બિલ્ડર વિશે ખબર પડી. BSS ૨૦૧૯ થી લઈ અત્યાર સુધી, મનદીપ પોતાનો શોખ પૂરો કરી રહી છે અને સફળ પણ છે. મનદીપના મતે બોડી બિલ્ડિંગ એક મોંઘી રમત છે. બિકીનીનો માત્ર કોશ્ચ્યુમ જ ૭૦ હજારમાં આવે છે. આ સિવાય એક મહિનામાં ડાયટ પર ૫૦ હજાર સુધીનો ખર્ચ થાય છે. સવારે ૪.૩૦ વાગ્યાથી ડિનર સુધીનો આહાર સામાન્ય લોકો કરતા અલગ હોય છે.

### વાયરલ વીડિયો પરથી પોલીસ ચોરની ધરપકડ કરી

# બેકરીમાં ચોરી કરી ત્યાં જ બર્થ ડે પાર્ટી ઉજવી


નવી દિલ્હી

તસ્કરો અને ચોરને ખૂબ ચબરાક સમજવામાં આવે છે. તેઓ તકનો લાભ લઈ કોઈ કિંમતી વસ્તુ ક્યારે સેરવી જાય તેની સામાન્ય માણસને ખબર પણ રહેતી નથી. અંધારામાં વધુ અવાજ કર્યા વગર ઘરે કે કોઈ અન્ય સ્થળે હાથફેરો કરવાની આવડત તેમનામાં હોય છે. પણ તેમણે કરેલી નાની મોટી ભૂલ તેમને જેલના સળિયા પાછળ ધકેલી દે છે. ક્યારેક તેઓ મૂર્ખામી પણ કરી બેસતા હોય છે. આવી જ ભૂલ આસામના જોરહાટમાં બે ચોરોએ કરી હતી. તેમણે બેકરી લૂંટવાનો પ્રયાસ કર્યા બાદ સ્થળ પર જ તાજી કેક સાથે જન્મદિવસ પણ ઊજવ્યો હતો. આ બનાવની વિગતો મુજવ બે ચોરોએ મંગળવારે આસામના જોરહાટ શહેરમાં રોયલ રોડ પર આવેલ મનીષા બેકરી લૂંટી હતી. તેમણે બેકરીમાં લૂંટ મચાવી હતી અને તોડફોડ કરી હતી. આ સમગ્ર ઘટના દુકાનના CCTV કેમેરામાં કેદ થઈ હતી. ત્યારબાદ સોશિયલ મીડિયા પર વિડીયો વાયરલ થઈ રહ્યો છે. આ બંને ચોરની ઓળખ ગિતલુ ગોગોઈ અને સંજય પટનાયક તરીકે થઈ છે. આ વાયરલ વિડીયોમાં જોવા મળી રહ્યું છે કે, બંને ચોર હાથમાં કેક લઈને ડાન્સ કરી રહ્યા છે અને એકબીજા પર કેક ફેંકી રહ્યા છે. બર્થ ડે બોય બનીને પોઝ પણ આપી રહ્યા છે. અડધી રાત્રે દુકાનમાં ઘૂસ્યા છે અને કેક સાથે ગમે તેમ રમી રહ્યા છે. કેક ડાન્સ કર્યા પછી કેશ કાઉન્ટર પરથી ૧૨ હજાર રોકડની ઉઠાંતરી પણ કરી છે. જોરહાટ પોલીસે ફૂટેજ મેળવીને ગુરુવારે આ બે ચોરની ધરપકડ કરી લીધી છે. ત્યારબાદ પોલીસ સોશિયલ મીડિયા પર ફની પોસ્ટ પણ શેર કરીને કેપ્શનમાં લખ્યું છે કે, 'હેપ્પી બર્થ ડે બોય્ઝ'. પોલીસે આ પોસ્ટ શેર કર્યા પછી આસામ પોલીસના કામની સરાહના કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા યૂઝર્સ આ પોસ્ટ અલગ અલગ કમેન્ટ કરી રહ્યા છે અને કટાક્ષમાં ચોરને જન્મદિવસની શુભકામના પણ પાઠવી રહ્યા છે. પોલીસે આ ચોર પાસેથી ચોરીનો મોબાઈલ પણ જપ્ત કર્યો છે. આ ફોનમાં ચોરે કેક સાથે ફોટો પણ ક્લિક કર્યો હતો. બંનેએ બેકરીમાં લૂંટફાટ અને તોડફોડ કર્યા પછી મેડિકલ સ્ટોરમાં પણ લૂંટ મચાવી હતી. આ જ દુકાનમાં વર્ષ ૨૦૧૮માં લૂંટફાટ અને તોડફોડ કરવામાં આવી હતી.

### ગીર સિંહનું નિવાસસ્થાન ગણવામાં આવે છે

# ૫૧ સાવજને બીમારીથી બચાવવા મારણમાં અપાઈ દવા

## સિંહને ઈતરડીથી લઈ પેટના કૃમિ સામે પણ રક્ષણ મળે જે માટે મારણમાં દવા આપવામાં આવી છે



અમરેલી

ગિરસોમનાથ અને જુનાગઢ જીલ્લો ગીર વિસ્તારની અંદર ગણવામાં આવતો વિસ્તારને ગણવામાં આવે છે. આ વિસ્તારની અંદર વન્ય પશુઓ અને પ્રાણીઓનો ખૂબ જ વસવાટ છે ગીર સિંહનું નિવાસસ્થાન ગણવામાં આવે છે. ચોમાસા પહેલા ગીર પૂર્વે પાંચ રેન્જમાં વનતંત્રની એક ઉત્કૃષ્ટ કામગીરી શરૂ કરવામાં આવી છે. સિંહને ઈતરડીથી લઈ પેટના કૃમિ સામે પણ રક્ષણ મળે જે માટે મરણમાં દવા આપવામાં આવી છે. મનીષ ઓડેદરા જણાવ્યું કે, બે વર્ષથી સિંહ માટે ખાસ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોગ્રામમાં મરણમાં દવા આપવામાં આવે છે . સિંહના શરીર પરથી પણ મળે છે તેથી હિમોગ્લોબીન ઘટે છે અને બાદમાં માંદગીનો ભોગ સિંહ બને છે જેથી આ દવાઓ સિંહને મારણમાં આપવામાં આવી રહી છે અને ખાસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. દલખાણીયા રેન્જમાં ૨૨ સિંહ, સરસીયા રેન્જમાં ૫, જસાધાર રેન્જમાં ૨૦, હડાલા રેન્જમાં ૨ અને તુલસીશ્યામ રેન્જ વિસ્તારની અંદર વસતા સિંહને મારણની અંદર ખાસ દવા આપવામાં આવી રહી છે અને ખાસ પ્રોગ્રામનું આયોજન કરી અને સિંહની સાચવણીનો ભાગરૂપે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. વન વિભાગ દ્વારા ડિવોમિગ કાર્યવાહી એક સપ્તાહથી શરૂ કરવામાં આવી છે. ગીર પૂર્વેની જુદી જુદી પાંચ રેન્જમાં હાલ સિંહને મારણ માટે દવા આપવામાં આવી રહી છે. સિંહ પરિવાર જ્યારે બળદ, ગાય, ભેંસ અને નીલગાય જેવા પ્રાણીઓનો મારણ કરે ત્યારે મોરબી પાલીકાનો સ્ટાફ ત્યાં પહોંચી જાય છે અને માલમાં જ દવાઓ ભેળવી દે છે. મારા ઉપર દવા નાખવા ઉપરાંત મારણના સાથળના ભાગમાં જરૂરી દવાઓ અને ઈન્જેક્શનનો અપાય છે. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, કામગીરીથી સિંહને ઈતરડી સહિતની ઝીણી જીવાતથી મુક્તિ મળે તે માટે પેટના કૃમિનો નાશ કરવામાં આવી રહ્યું છે.

### ૫૦ વર્ષીય મહિલાએ યોગા કર્યા બાદ જિંદગીને કર્યું અલવિદા

# સુરતમાં ૫૦ વર્ષીય મહિલાનું હાર્ટ એટકેથી મોત થયું

## ગુજરાતમાં છેલ્લા બે મહિનાથી એવા કિસ્સા સામે આવી રહ્યા છે



સુરત : ગુજરાતમા હવે કોરોના કરતા વધુ ડર હાર્ટએટેકથી લાગી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા બે મહિનાથી એવા કિસ્સા સામે આવી રહ્યા હતા કે ચાલતા, નાચતા, ક્રિકેટ રમતા યુવકો ઢળી પડતા હતા. બાદમાં હાર્ટએટેકથી મોત થતા હોવાનું સામે આવી રહ્યું છે. ગુજરાતમાં છેલ્લા બે મહિનામાં એકાએક યુવકોના હાર્ટ એટેકના કિસ્સા વધ્યા છે. ત્યારે સુરતમાં ૫૦ વર્ષીય મહિલાનું હાર્ટ એટકેથી મોત થયું હોવાની ઘટના સામે આવી છે.

હાર્ટએટેકથી મોતનો સિલસિલો અટકી રહ્યો નથી. ત્યારે સુરતમાં આજે વહેલી સવારે ૫૦ વર્ષીય મહિલાએ યોગા કર્યા બાદ છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. ત્યારબાદ તેમને ઓટોરીક્ષામાં તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

જ્યાં હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. ડોક્ટરે હાર્ટ એટકેથી મોત થવાની આશંકા વ્યક્ત કરી છે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા સુરતના ગીતા નગરમાં ૪૨ વર્ષીય વ્યક્તિને હાર્ટ એટેક આવતા મોત થયું હતું. રમાશંકર ત્રિવારી ઘરમાં પાણી ભરી રહ્યા હતા ત્યારે અચાનક છાતીના ભાગમાં દુખાવો થયો હતો. બાદમાં સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

નિષ્ણાતોના મતે આ કોરોના ઈફેક્ટ છે. શારીરિક શ્રમ અને શરીરમાં પ્લેક ફાટવાને કારણે આ પ્રકારની ઘટનાઓ બની રહી છે. ત્યારે નિષ્ણાતોના મતે, શારીરિક શ્રમ અને શરીરમાં પ્લેક ફાટવાને કારણે આ પ્રકારની ઘટનાઓ બની રહી છે. આ વિશે નિષ્ણાતોએ જમાવ્યું કે, પ્લેક એ ચરબીયુક્ત પદાર્થ છે, જે ધમનીની દિવાલોમાં ભેગો થાય છે. આ કારણે યુવાઓને હાર્ટ એટેક આવે છે.

ધમનીમાં પ્લેકનું પ્રમાણ વધુ થાય તો ગણતરીની મિનિટોમાં તે ૧૦૦ ટકા સુધી પહોંચી જાય છે. આવામાં જો વ્યક્તિ વધુ શ્રમ કરે, કસરત કે સ્પોર્ટસ એક્ટિવિટી કરે તો હાર્ટએટેકની સ્થિતિ ઉદભવે છે.

### મહામહેનતે પોલીસે સમગ્ર કાંડ ઉકેલી કાઢ્યો

# વાપી ભાજપના ઉપપ્રમુખની હત્યાનો ભેદ ઉકેલાયો

વલસાડ

વાપી તાલુકાના કોચરાવા ગામે બે પરિવારો વચ્ચે ૧૦ વર્ષ અગાઉ ખેલાયેલા લોહિયાળ જંગનો બદલો લેવા હત્યાકાંડ ખેલાયો હતો. પોલીસ માટે આ કેસ પડકાર બન્યો હતો. વાપી તાલુકા ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલની થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો છે. જિલ્લા પોલીસે આ મામલામાં ૫ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓના દિવસ-રાતની મહેનતના પગલે ૫ આરોપીઓની ધરપકડ થઈ છે.

વલસાડના વાપીમાં ગઈ ૮મી તારીખે વાપી તાલુકા ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલની ફાયરિંગ કરી હત્યાનો નિપજાવવામાં આવી હતી. મૃતક શૈલેષ પટેલ પરિવાર સાથે રાતા ગામના મંદિરમાં દર્શન કરવા ગયા હતા. પરિવારજનો મંદિરમાં દર્શન કરી રહ્યા હતા અને શૈલેષ પટેલ ગાડીમાં રાહ જોઈ રહ્યા હતા. તે વખતે એક બાઈક પર આવેલા હુમલાખોરોએ શૈલેષ પટેલને પોઈન્ટ બ્લેંક રેન્જથી ફાયરિંગ કરી અને ફરાર થઈ ગયા હતા. આથી ઘટનાસ્થળે જ શૈલેષ પટેલનું મોત નીપજ્યું હતું. ભાજપના અગ્રણીની હત્યાને લઈ સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

મૃતકના પરિવારજનોએ આ મામલે મૃતક શૈલેષ પટેલના જ ગામ કોચરવાના અન્ય એક પરિવારના પાંચ સભ્યો વિરુદ્ધ નામજોગ ફરિયાદ દાખલ કરી હતી. સમગ્ર રાજ્યમાં ચર્ચાસ્પદ બનેલો આ હત્યાકાંડની શરૂઆતની તપાસમાં પોલીસને કોઈ પુરાવા મળ્યા નહોતા. તેથી આરોપીઓ સુધી પહોંચવું પોલીસ માટે મુશ્કેલ હતું. જો કે વલસાડ જિલ્લા પોલીસે આખરે આ સનસનીખેજ હત્યા કેસનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે અને પાંચ આરોપીઓની ધરપકડ કરી છે.

# અમદાવાદીઓ માટે સ્પેશિયલ સ્કીમ : ૨ હજારની નોટથી ભરી શકાશે એડવાન્સ ટેક્સ

અમદાવાદ

દેશભરમાં ૨૩ મે અને સોમવારથી ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવાની શરૂઆત થઈ છે. બેંકો ખુલતાની સાથે જ લોકો બેંકોની શાખામાં જઈને તેમની પાસે ઉપલબ્ધ ૨૦૦૦ રૂપિયાની નોટ બદલાવી રહ્યા છે. ત્યારે રિઝર્વ બેંકએ નોટો બદલવા માટે માર્ગદર્શિકા જાહેર કરી હતી. જો કે ૩૦ સપ્ટેમ્બર સુધી નોટ બદલાવી શકાશે પરંતુ આ બધાવી વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને મહત્વનો નિર્ણય લીધો છે. ૨૦૦૦ની નોટથી એડવાન્સ ટેક્ષ ભરી શકાશે.

**AMC**ની રેવન્યુ કમિટીની બેઠકમાં અમદાવાદીઓના હિતમાં વધુ એક નિર્ણય લેવાયો છે. ૩૦-૯-૨૦૨૩ સુધી ૨૦૦૦ની નોટથી એડવાન્સ ટેક્ષ ભરી શકાશે. આ નિર્ણયથી ૨૦૦૦ રૂપિયાની નોટ ધારકોને ફાયદો એ થશે કે તેમને બેંકનો ધક્કો નહી ખાવા પડે અને તે લોકો એડવાન્સ ટેક્ષ ભરવામાં આ નોટનો ઉપયોગ કરી શકશે.

ટેક્ષ નહી ભરનાર સામે **AMC**એ લાલ આંખ કરી નોટિસ પાઠવી છે. વોડાફોન, આઈડિયા, રિલાયન્સ સહિત ૬ કંપનીઓને નોટિસ પાઠવામાં આવી છે. તેમને જણાવી દઈએ કે, આ ૬ કંપનીઓનો રૂ. ૨.૨૧ કરોડનો ટેક્ષ બાકી છે. ટેલિફોન કંપનીઓ ટેક્સ નહી ભરે તો આરઓ પરમિટ નહી આપવામાં આવે તેવી પણ ચેતવણી આપવામાં આવી છે, આગામી દિવસોમાં હોટલ, હોસ્પિટલ સહિતના સેક્ટરમાં પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ ટેક્ષ વસુલવામાં તમામ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

રિઝર્વ બેંકે સ્પષ્ટ કહ્યું હતું કે, ૨૦૦૦ રૂપિયાની નોટો બદલવા માટે બેંકમાં કોઈ ફોર્મ ભરવાનું રહેશે નહીં અને ન તો કોઈ ઓળખ પત્રની જરૂર પડશે. તમે એક સમયે ૨૦૦૦ રૂપિયાની ૧૦ નોટ બદલી શકો છો. ભારતીય ચલણમાંથી બહાર કાઢવામાં આવેલી ૨૦૦૦ રૂપિયાની નોટ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી બદલી શકાશે.

નોટ એક્સચેન્જની પ્રક્રિયાને લઈને **RBI** ની સૂચના મુજબ તમામ બેંકોએ તેમની તૈયારીઓ પૂર્ણ કરી લીધી હતી. વર્તમાનમાં નોટ બદલવાનું કામ ચાલી રહ્યું છે.

# મેઘાણીનગર વિસ્તારમાં જનતા જાગૃત બની ને મનપા સામે પોસ્ટર વોર શરૂ કર્યું

અમદાવાદ

વરસાદ પડે અને ભૂવો ન પડે તો તે અમદાવાદ શહેર ના કહેવાય. આવી જ હાલત ફરી ચોમાસામાં બની છે. ઠેર-ઠેર પાણી ભરાવા, ડ્રેનેજ ઉભરાવી, લોકોના ઘરમાં પાણી ઘુસી જવા, ટ્રાફિક જામ થવો અને ભૂવા પડવા આ વાત અમદાવાદમાં દર ચોમાસે બને છે. અમદાવાદમાં દર ચોમાસે સર્જાતી નિયમિત સમસ્યા છે. તંત્ર ભલે ગમે તેવા બહાના કાઢે પરંતુ વારવારની વાર્ષિક સમસ્યાથી ત્રસ્ત અમદાવાદની જનતા વિરોધનો નવો રસ્તો અપનાવ્યો છે. મેઘાણીનગરની જનતાએ અમદાવાદ મનપા સામે પોસ્ટર વોર શરૂ કર્યું છે. જનતાએ પ્રશાસકો પર સવાલ ઉઠાવતા પોસ્ટરો જાહેર માર્ગ પર ઠેર ઠેર લગાવ્યા છે.

શહેરીજનોએ તંત્ર સામે પોસ્ટર વોર શરૂ કર્યું છે. જેમાં જનતાએ તંત્રને પૂછ્યું છે કે ક્યાં સુધી પ્રશાસકોના અણઆવડતભર્યા નિર્ણયનો ભોગ જનતા બનશે ? આ ચોમાસે લોકોના ઘરમાં પાણી ઘુસશે કે નહીં? આ સહિતના અનેક વેધક સવાલ જનતાએ પોસ્ટર્સમાં છાપીને પૂછતા, તંત્રને દોડતુ કરી દીધુ છે.

# ૫ મી જૂન, વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી નિમિત્તે અંબાજી ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વન કવચનું લોકાર્પણ કરાશે

**ગુજરાતને લીલુંછમ્મ-હરિયાળું બનાવવા જાપાની વનસ્પતિશાસ્ત્રી મિયાવાકીની વનીકરણ પદ્ધતિથી અંબાજી ખાતે વન તૈયાર કરાયું : બનાસકાંઠા વન વિભાગ દ્વારા ૨ હેક્ટર વિસ્તારમાં વન કવચ પ્લોટમાં આ વર્ષે ૨૦,૦૦૦થી વધારે રોપાનું સફળ વાવેતર કરાયું**





(માહિતી બ્યુરો, પાલનપુર)

વનો અને વન્યસંપદા પૃથ્વી પરનું સાચું ધન છે. વધતા પ્રદૂષણ અને મોસમી ફેરફારો વચ્ચે આજે જળવાયું પરિવર્તન થઇ રહ્યું છે. જેને અટકાવવા માટે વનોની જાળવણી કરવી ખુબ જરૂરી છે. આવનારી ભવિષ્યની પેઢીઓના તંદુરસ્ત જીવન અને સુખ- સમૃધ્ધિ માટે આપણા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતને લીલુંછમ્મ- હરિયાળું બનાવવા માટે જાપાનના વનસ્પતિશાસ્ત્રી અકીરા મિયાવાકીની વનીકરણ પદ્ધતિ પ્રમાણે વન વિભાગ દ્વારા વન કવચ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

આવું જ એક વન કવચ વિશ્વ પ્રસિધ્ધ યાત્રધામ અંબાજીના ગબ્બર પર્વત નજીક તૈયાર કરવામાં આવ્યું છે. નાયબ વન સંરક્ષણક (નોર્મલ) શ્રી પરેશ ચૌધરીએ જણાવ્યું છે કે, આગામી ૫ મી જૂન-૨૦૨૩, વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી નિમિત્તો અંબાજી ખાતે રાજયના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અને વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં વન કવચનું લોકાર્પણ કરાશે તથા મિયાવાકી પધ્ધતિથી ૧૦,૦૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવશે.

બનાસકાંઠા વન વિભાગ દ્વારા ૨ હેક્ટર વિસ્તારના વન કવચ પ્લોટમાં આ વર્ષે ૨૦,૦૦૦ થી વધારે રોપાનું સફળ વાવેતર કરાયું છે.

જેમાં વડ, પીપળ, અર્જુન સાદડ, દેશી આંબા, બહેડા, ખાટી-આંમલી, જાંબુ, ઉમરા, મહુડા, લીમડા, બદામ, ખજુર, ખેર, કણજી, વાંસ, જામફળ, પારિજાત, સતાવરી, કેતકી વગેરે સહિત ૫૭ જાતના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ વન કવચમાં ઔષધિય અને ફળાઉ રોપાઓનું પણ વાવેતર કરવામાં આવેલું છે. અંબાજી દર્શનાર્થીઓ આવતા યાત્રાળુંઓ માટે આ સ્થળ કાયમી સંભારણું બની રહે તેવી સરસ સુવિધાઓ સાથેનું વન તૈયાર કરવામાં આવ્યું છે.

અંબાજી તથા તેની આસપાસના ડુંગરાળ વિસ્તારોમાં જયાં કુદરતી રીતે બીજ નથી પહોંચતા તથા જે ડુંગરાઓ ધીરે- ધીરે વનસ્પતિનું આવરણ ગુમાવી રહ્યા છે એવા વિસ્તારોમાં આ વર્ષે ડ્રોન ટેકનોલોજીથી અંદાજે ૧૦૦ થી ૨૦૦ હેક્ટર ડુંગરાળ વિસ્તારમાં સીડબોલ તથા સીડનું વાવેતર કરવાનું આયોજન કરાયું છે.

વર્ષ-૨૦૨૩-૨૪ માટે આ વિસ્તારમાં ૧૯૩.૫૦ હેકટર વિસ્તારમાં વન કવચ વાવેતરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચાલુ વર્ષમાં વાવેતર લાયક વરસાદ થયા બાદ ભૌગોલિક સ્થિતિ અને વિસ્તારને અનુરૂપ ૨,૯૮,૧૦૦ રોપાઓનું વાવેતર કરવાનું આયોજન કરવામાં આવેલું છે. જેમાં કડાયો, કરંજ, અરીઠા, ખજુર, ખાખરો, કણજી, ગરમાળો, દુધી, સરગવો, ટીંમરૂ, મહુડા, ગુંદા, ગુંદી, સીંદુર જેવા રોપાઓનું વાવેતર કરવામાં આવશે.

આ વિસ્તારમાં આગામી વર્ષોમાં સને- ૨૦૨૪-૨૫ માં ૫૦૦ હેકટર તેમજ સને- ૨૦૨૫-૨૬ માં ૫૦૦ હેકટર વિસ્તારમાં વાવેતરની કામગીરી લેવાનું આયોજન વન વિભાગ દ્વારા કરાવામાં આવ્યું છે.

વન કવચ શું છે.

વન કવચ એ મુખ્યત્વે શહેરી વિસ્તારમાં અને અન્ય વિસ્તારમાં આવેલ પડતર જમીનમાં હરિયાળી વધારવા માટે, એક ઝડપથી નાનું વન બનાવવાની પદ્ધતિ છે. એક નાનકડી જગ્યામાં પણ ઘનિષ્ટ વાવેતર કરવા શરૂઆતના ૨ વર્ષ નિયમિત તેની સંભાળ લઈ પરિપક્વ બનાવવામાં આવે છે અને ત્યારબાદ તે કોઈપણ કાળજી વગર તેની રીતે જંગલની તર્જ પર વિકાસ પામે છે.

### અમદાવાદીઓને વધુ એક ઓક્સિજન પાર્કની ભેટ મળશે

# ૫ જૂનના રોજ ભૂપેન્દ્ર પટેલ ત્રાગડ ખાતે ઓક્સિજન પાર્કનું ખાતમુહૂર્ત કરશે

અમદાવાદ

અમદાવાદીઓને વધુ એક ઓક્સિજન પાર્કની ભેટ મળવા જઈ રહી છે. 'ગ્રીન અમદાવાદ, ક્લીન અમદાવાદ' અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરને હરિયાળું બનાવવાની દિશામાં કામગીરી કરી ચાલી રહી છે. ત્યારે આગામી ૫ જૂન એટલે કે 'વિશ્વ પર્યાવરણ દિન' નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ત્રાગડ ખાતે ઓક્સિજન પાર્કનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. જે ૨૪,૨૭૦ ચો. મી જેટલા વિશાળ પાર્કમાં આકાર પામશે. આ તકે શહેરના મેયર કિરીટભાઈ પરમાર, મ્યુનિસિપલ કમિશ્નર એમ. થેન્નારસન, ધારાસભ્યઓ તથા કોર્પોરેશનના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્માણ પામનાર આ ઓક્સિજન પાર્કની વિશેષતા વિશે વાત કરવામાં આવે તો, આ પાર્કમાં 'મિયાવાકી' પદ્ધતિથી ૭૫,૦૦૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવશે. ૫ જૂન 'વિશ્વ પર્યાવરણ દિન' નિમિત્તે આ પાર્કમાં ૭૫૦૦ જેટલાં વૃક્ષો લગાવવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આકાર પામનાર આ ઓક્સિજન પાર્કમાં મુલાકાતીઓ માટે અનેક આકર્ષણો મૂકવામાં આવશે. જેમ ક... નયનરમ્ય તળાવ, આકર્ષક લોન પ્લોટ, વોકિંગ ટ્રેક, આકર્ષક ગજેબો બનાવવામાં આવશે. આ ઉપરાંત ફિટનેસ માટે ઓપન જિમ્નેશિયમનું પણ નિર્માણ કરવામાં આવશે. અને યોગા પોઈન્ટ પણ બનાવવામાં આવશે. તથા બાળકો માટે રમત-ગમતના સાધનો પણ અહીં મૂકવામાં આવશે.

આ મામલે અમદાવાદ શહેરના શહેરના મેયર કિરીટભાઈ પરમાર જણાવે છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરને લીલુંછમ બનાવી ગ્રીન કવરના વિસ્તારમાં વધારો થાય તે દિશામાં સતત કામ કરી રહ્યું છે. તેના ભાગરૂપે કોર્પોરેશન શહેરીજનો માટે વધુ એક ઓક્સિજન પાર્ક બનાવવા જઈ રહ્યું છે. આ સમગ્ર ઓક્સિજન પાર્કને મિયાવાકી પદ્ધતિથી વિકસિત કરવામાં આવશે. તેમ જણાવ્યું હતી.

# વડોદરામાં હોટેલની લિફ્ટમાં ફસાયા ધીરેન્દ્ર શાસ્ત્રી

વડોદરા

વડોદરા ખાતે બાગેશ્વર ધામનાં ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાવાનો હતો. ત્યારે ધીરેન્દ્ર શાસ્ત્રી વડોદરા ખાતે રોકાયેલ હોટલની લિફ્ટમાં ક્ષમતા કરતા વધુ લોકો સવાર થતા લિફ્ટમાં વજન વધી જવાના કારણે ટેકનિકલ ખામી સર્જાઈ હતી. ત્યારે આ ઘટનાની જાણ હોટલ સંચાલકને થતા તાત્કાલિક લિફ્ટ ખોલી લોકોનું રેસ્ક્યું કરાયું હતું. સુરત, અમદાવાદ, રાજકોટ બાદ હવે વડોદરામાં બાગેશ્વર ધામના પીઠાધિશ ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર ભરાવા જઈ રહ્યો છે. જેને લઈને બાગેશ્વરધામના ધીરેન્દ્ર શાસ્ત્રી વડોદરા પહોંચ્યા છે. વડોદરાના સન ફાર્મા રોડ પર આવેલા લક્ષ્મીનારાયણ ક્લબમાં ધીરેન્દ્ર શાસ્ત્રીને ઉતારો આપવામાં આવ્યો છે. ધીરેન્દ્ર શાસ્ત્રીને મળવા માટે બિઝનેસમેનથી લઈને નામચીન લોકો પહોંચી રહ્યા છે. શહેરમાંથી અનેક લોકો ધીરેન્દ્ર શાસ્ત્રીને મળવા માટે લક્ષ્મીનારાયણ ક્લબ ખાતે પહોંચી રહ્યા છે. બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીને મળવા માટે મૂર્તિકાર દક્ષેસ જાગીડ પણ પહોંચ્યા હતા. તેઓએ માટી અને કેનવાસમાંથી બનાવેલી મૂર્તિ ધીરેન્દ્ર શાસ્ત્રીને ભેટમાં આપી હતી. તેઓએ જણાવ્યું કે, જ્યારથી જાણ થઈ કે મહારાજ બરોડામાં આવવાના છે, તો અમે છેલ્લા પથી ૬ દિવસથી આ મૂર્તિ બનાવવાની તૈયારી કરી રહ્યા હતા. તેમના માટે આ મૂર્તિ ભેટ તૈયાર કરી છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya